ક્રમાંક/FRC/૨૦૨૪/૩૯૨૦-૨૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અનાવિલ ભવનની સામે, કારેલીબાગ, વડોદરા.
તા.૩૦/૧૨/૨૦૨૪

# ફી નિયમન સમિતિ – વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
**Ph.0265-2488487 E.mail add:- frcvadodara@gmail.com**

U-Dise- 24191 101321

વડોદરા દરખાસ્ત નં.VD-૧૧૭/૨૦૨૪-૨૫.

E-mail : principal.vwiavadodara@gmail.com

તા.૩૦-૧૨-૨૦૨૪.

અરજદાર શાળા :- વાઇબ્રન્ટ વેવ્સ ઇન્ટરનેશનલ એકેડમી (CBSE) (અંગ્રેજી માધ્યમ), જ્ઞાનતીર્થ કેમ્પસ, બાજવા-રીફાઇનરી રોડ, બાજવા, જી.વડોદરા-૩૯૧૩૧૦.

વિષય :- સને-૨૦૨૪-૨૫ થી સને-૨૦૨૬-૨૭ પ્રિ.પ્રાયમરી થી માધ્યમિકની ફી વધારા માટેની દરખાસ્ત.

અનુસંધાન :-

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭.

(૨) ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો, ૨૦૧૭.

## -:: વચગાળાનો હુકમ ::-

(૧) અરજદાર શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને ૨૦૧૭ અને તે અંતર્ગત ગુજરાત સ્વનિભર શાળા ફી નિયમન (નિયમો) સને-૨૦૧૭ ના નિયમ-૬ અન્વયે ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ પોતાની દરખાસ્ત રજુ કરી છે. જે દરખાસ્ત તેઓએ સને ૨૦૨૪-૨૫ થી સને ૨૦૨૬-૨૭ના ૩ વર્ષની ફી નક્કી કરવા માટે જણાવવામાં આવ્યું છે. જેમાં અરજદાર શાળા ધ્વારા નીચે પ્રમાણેની સૂચિત ફીની માગણી કરવામાં આવી છે. :-

| અ. નં. | ધોરણ | માધ્યમ | બોર્ડ | અરજદાર શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા. સને ૨૦૨૪-૨૫. | અરજદાર શાળાની સૂચિત ફીની માંગણી સને ૨૦૨૪-૨૫. |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | CBSE | ૧૫ | રૂા.૩૩,૦૭૫/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | CBSE | ૨૫ | રૂા.૩૩,૦૭૫/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | CBSE | ૨૫ | રૂા.૩૩,૦૭૫/- |
| (૪) | ૧ | અંગ્રેજી | CBSE | ૩૦ | રૂા.૪૯,૬૧૩/- |
| (૫) | ૨ | અંગ્રેજી | CBSE | ૨૦ | રૂા.૪૯,૬૧૩/- |
| (૬) | ૩ | અંગ્રેજી | CBSE | ૩૦ | રૂા.૪૯,૬૧૩/- |
| (૭) | ૪ | અંગ્રેજી | CBSE | ૩૫ | રૂા.૪૯,૬૧૩/- |
| (૮) | ૫ | અંગ્રેજી | CBSE | ૩૫ | રૂા.૪૯,૬૧૩/- |
| (૯) | ૬ | અંગ્રેજી | CBSE | ૪૦ | રૂા.૫૬,૫૦૦/- |
| (૧૦) | ૭ | અંગ્રેજી | CBSE | ૪૦ | રૂા.૫૬,૫૦૦/- |
| (૧૧) | ૮ | અંગ્રેજી | CBSE | ૨૫ | રૂા.૫૬,૫૦૦/- |
| (૧૨) | ૯ | અંગ્રેજી | CBSE | ૨૫ | રૂા.૬૬,૧૫૦/- |
| (૧૩) | ૧૦ | અંગ્રેજી | CBSE | ૭૩ | રૂા.૬૬,૧૫૦/- |
| | | | કુલ વિદ્યાર્થી... | ૪૧૮ | |

ફી નિયમન સમિતિ, વડોદરા ઝોન, વડોદરા

(૨) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે દરખાસ્ત નં.VD-૧૧૭/૨૦૨૧-૨૨ દાખલ કરી હતી. જે તા.૦૭-૦૭-૨૦૨૨ના રોજ હુકમ કરવામાં આવેલ છે. વધુમાં શાળાએ સને ૨૦૨૪-૨૫ થી સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટેની હાલની દરખાસ્ત દાખલ કરી છે.

(૩) આજ રોજ ફી નિયમન સમિતિ દ્વારા શાળા દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત, રજૂ રાખેલ દસ્તાવેજો જોતા શાળાએ સને ૨૦૨૨-૨૩ના ઓડીટેડ હિસાબો રજૂ કરેલ છે. શાળાએ પછીના વર્ષના ઓડીટેડ હિસાબ રજૂ કરેલ નથી. શાળાએ રજૂ કરેલ હિસાબોની ચકાસણી કરતા શાળાએ કુલ આવક રૂ.૧,૦૫,૬૧,૧૯૫/- દર્શાવેલ છે. અને કુલ ખર્ચ રૂ.૧,૧૬,૫૨,૯૮૩/- દર્શાવેલ છે. અને શાળાના હિસાબોમાં રૂ.૧૦,૯૧,૭૮૮/-ની ખોટ દર્શાવેલ છે. શાળા રજૂ કરેલ પત્રક ધ્યાને લેતા શાળાએ વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫૯ દર્શાવેલ છે. શાળાએ ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા ૪૧૮ દર્શાવેલ છે. આ કામે શાળાએ રજૂ કરેલ આવક ખર્ચ પૈકી ઘસારો, એક્ટીવીટી, જાહેરાત, કુળીયલ, કાર્યકમ, ટ્રાવેલીંગ, ઓફીસ ખર્ચ, આર. અને એમ. ખર્ચ અને અન્ય ખર્ચ માંગ્યા મુજબ સંપૂર્ણ મળવા પાત્ર માન્ય ખર્ચમાં સમાવેશ થય શકે તેમ નથી. ઉપરોક્ત સંજોગોમાં રજૂ કરેલ હિસાબો પૈકી માન્ય ખર્ચ, વિદ્યાર્થીઓની સંખ્યા તથા અગાઉ કરવામાં આવેલ હુકમો તેમજ દરખાસ્ત સાથે રજૂ કરવામાં આવેલ પેપર્સ ધ્યાને લેતા ફી નિયમન સમિતિ દ્વારા ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઇ નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા ૨૦૨૪-૨૫. | સૂચિત ફીની માગણી ૨૦૨૪-૨૫. | ફી નિયમન સમિતિ ધ્વારા નક્કી કરેલ ફી. ૨૦૨૪-૨૫. |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | ૧૫ | રૂા.૩૩,૦૭૫/- | રૂા.૨૩,૮૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | ૨૫ | રૂા.૩૩,૦૭૫/- | રૂા.૨૩,૮૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | ૨૫ | રૂા.૩૩,૦૭૫/- | રૂા.૨૩,૮૦૦/- |
| (૪) | ૧ | અંગ્રેજી | ૩૦ | રૂા.૪૯,૬૧૩/- | રૂા.૩૫,૭૦૦/- |
| (૫) | ૨ | અંગ્રેજી | ૨૦ | રૂા.૪૯,૬૧૩/- | રૂા.૩૫,૭૦૦/- |
| (૬) | ૩ | અંગ્રેજી | ૩૦ | રૂા.૪૯,૬૧૩/- | રૂા.૩૫,૭૦૦/- |
| (૭) | ૪ | અંગ્રેજી | ૩૫ | રૂા.૪૯,૬૧૩/- | રૂા.૩૫,૭૦૦/- |
| (૮) | ૫ | અંગ્રેજી | ૩૫ | રૂા.૪૯,૬૧૩/- | રૂા.૩૫,૭૦૦/- |
| (૯) | ૬ | અંગ્રેજી | ૪૦ | રૂા.૫૬,૫૦૦/- | રૂા.૪૦,૭૦૦/- |
| (૧૦) | ૭ | અંગ્રેજી | ૪૦ | રૂા.૫૬,૫૦૦/- | રૂા.૪૦,૭૦૦/- |
| (૧૧) | ૮ | અંગ્રેજી | ૨૫ | રૂા.૫૬,૫૦૦/- | રૂા.૪૦,૭૦૦/- |
| (૧૨) | ૯ | અંગ્રેજી | ૨૫ | રૂા.૬૬,૧૫૦/- | રૂા.૪૭,૬૦૦/- |
| (૧૩) | ૧૦ | અંગ્રેજી | ૭૩ | રૂા.૬૬,૧૫૦/- | રૂા.૪૭,૬૦૦/- |

શરતો :-

૧) સને ૨૦૨૪-૨૫ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસુલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થીના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસુલ કરી શકશે.

૪) કોઇ પણ વાલીએ સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે વચગાળાના હુકમ કરતાં શાળાના માન્ય કરેલ ફી મુજબની વધુ રકમ વસુલ કરેલી હશે તો અન્ય ક્વાટરમાં આ હુકમ બાદ મજરે આપવાની રહેશે.

૫) ફી નિયમન સમિતિ ધ્વારા સને ૨૦૨૪-૨૫ ના વર્ષની નક્કી કરેલી ફીના ૫ ટકા રકમનો વધારો સને ૨૦૨૫-૨૬ તેમજ સને ૨૦૨૫-૨૬ ની નક્કી કરેલી ફીના ૫ ટકાનો વધારો સને ૨૦૨૬-૨૭ ના વર્ષમાં લઇ શકશે.

૬) અરજદાર શાળા વચગાળાના હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસુલ કરી શકશે નહિ. કોઇ સંજોગોમાં વચગાળાના હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવાની રહેશે અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૭) અરજદાર શાળાએ વચગાળાના હુકમથી નારાજ હોય તો તેઓએ દિન-૭ માં ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ કારણો સહીતની લેખિતમાં રીવ્યુ અરજી કરવાની રહેશે. જો અરજદાર શાળા વચગાળાના હુકમ વિરૂધ્ધ નક્કી કરેલી સમય મર્યાદામાં રીવ્યુ અરજી કરવામાં નિષ્ફળ જાય ત્યારે વચગાળાનો કરેલો હુકમ આખરી અને નિર્ણાયક ગણવામાં આવશે.

૮) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની ફી નિયમન સમિતિ, વડોદરા ધ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ તા:-30 માહે ડીસેમ્બર સને ૨૦૨૪.

સ્થળ :- વડોદરા.

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા.૩૦/૧૨/૨૦૨૪ ના આદેશાનુંસાર

ચીફ કો-ઓર્ડીનેટર
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ,આચાર્ય/સંચાલકશ્રી, વાઇબ્રન્ટ વેવ્સ ઇન્ટરનેશનલ એકેડમી (CBSE) (અંગ્રેજી માધ્યમ), જ્ઞાનતીર્થ કેમ્પસ, બાજવા-રીફાઇનરી રોડ, બાજવા, જી.વડોદરા-૩૯૧૩૧૦.....

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી,વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.